રે.દિ.મુ.નં.૨૦/૨૦૨૨

## <u>આંક–૦૮ હેઠળ હુકમ</u>

(૧) હાલના કામે પ્રતિવાદી ધ્વારા આંક–૮ થી ઓ.૭ રુલ ૧૧(ડી) મુજબની અરજી આપવામાં આવેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીએ હાલનો જે દાવો દાખલ કરેલ છે તે દાવામાં જે દાવાવાળી મિલકત દર્શાવી રસ્તાની વિગત દર્શાવી છે તે જગ્યા પ્ર.વાદીની માલીકીની આવેલી નથી. જેથી વાદીને આ કામના પ્રતિવાદી વિરુધ્ધ હાલનો દાવો દાખલ કરવા માટેની કોઈ કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ ન હોય કાયદેસરના કારણના અભાવે વાદીનો દાવો રદ કરવા હાલની અરજ ગુજારેલ છે.

(૨) વાદીએ હાલનો દાવો દાખલ કરી તેમની મિલકતની દક્ષિણ દિશાએ જે રસ્તો હોવાની વિગત વાદીએ જણાવી છે તે જગ્યા તારાપુર ગ્રામ પંચાયતની માલીકી હસ્તકની છે અને તે જગ્યા ગ્રામ પં ચાયતમાં પ્લોટ નં. ૨૯૧ થી ચાલતી આવેલ છે. જે જગ્યા તારાપુર ગ્રામ પંચાયતનાઓએ પ્ર.વાદીને માસિક રૂા.૬૦/– ના ભાડાથી ભાડે આપેલ છે અને પ્ર.વાદી તે મિલકતનું ભાડું માસિક રૂા.૬૦/– લેખે નિયમિત રીતે તારાપુર ગ્રામ પંચાયતમાં જમા કરાવતા આવેલા છે જે બાબતે તારાપુર ગ્રામ પંચાયતે તા.૨૪/૦૪/૧૮ ના રોજ ઠરાવ નં.૧૬ ઠરાવ કરેલ તે ઠરાવની નકલ તથા ભાડુ જમા કરાવ્યાની પાવતી આ સાથે અલગ લીસ્ટથી રજુ કરેલ છે. જેથી સદર દાવાવાળી જગ્યાના માલીક તારાપર ગ્રામ પંચાયતનાઓ આવેલ છે અને હાલના દાવાના કામે તે જગ્યાના માલીક તારાપર ગ્રામ પંચાયતને પ્ર.વાદી તરીકે જોડેલ ન હોય અને દાવાના કામે દાવાવાળી મિલકતના માલીક તારાપુર ગ્રામ પંચાયત હોય તેવો દાવાના કામે જરૂરી પક્ષકાર હોય જરૂરી પક્ષકારની ખામીના કારણે વાદીનો દાવો ચાલવા પાત્ર ના હોય અને વાદીનો દાવો ઓ.૭ રુલ ૧૧(ડી) હેઠળ રદ કરવા હાલની અરજ ગુજારેલ છે.

(૩) આ કામે વાદી ધ્વારા આંક–૧૧ થી હાલની અરજીનો જવાબ આપવામાં આવેલ છે જેમાં વાદીએ પ્ર.વાદીની અરજી પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય રદ થવાને પાત્ર છે તેવી રજુઆત કરેલ છે. વધુમાં આ કામે પ્રતિવાદીઓની દાવાવાળી જે મિલ્કત છે તેમાં પોતે જ ઉપદળના માલીક છે તે રેકર્ડ ઉપરથી ફલીત થાય છે તેમજ પ્રતિવાદીઓની મિલ્કતના પ્રોપર્ટીકાર્ડ જોવામાં આવે તો બી ટેન્યોર જણાવેલ છે. આમ, પ્રતિવાદીઓ પોતે જ જમીનના માલીક નથી. જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. આ કામે પ્રતિવાદીએ તેઓની અરજીમાં ઠરાવ નં.૧૬ બાબતની હકીકત જણાવેલી છે તે બાબતે તપાસ કરતા વાદીને જાણ થયેલી છે કે, ઠરાવ નં.૧૬ ખોટો કરેલ હોઈ જેથી રદ કરેલ છે અને આ હકીકત પ્રતિવાદીએ જાણી જોઈને ના.કોર્ટના રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી પણ સ્પષ્ટ ફલીત થાય છે કે, પ્રતિવાદી ના.કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી. જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. આ કામે જયાં સુધી પ્રાથમીક મુદ્દો નકકી કરી પુરાવો લેવામાં ના આવે ત્યાં સુધી ઓ ૭ રુલ ૧૧(ડી) ની અરજ માની શકાય નહી જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં આ કામે પ્રતિવાદીએ હાલની અરજી સાથે દાવાનો તથા મનાઈ અરજીનો જવાબ પણ આપી દીધેલ છે તેમજ પ્રતિવાદીની હાલની અરજી ટકવાને પાત્ર ના હોવાનુ સારી રીતે જાણતા હોઈ જેથી હાલની અરજી સાથે દાવાનો જવાબ તથા મનાઈ અરજીનો જવાબ આપેલ છે. જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. આ કામે પ્રતિવાદીઓનુ ગેરકાયદેસરનુ કૃત્ય છુપાવવાના બદઈરાદાથી અને સાચી હકીકત ના.કોર્ટના રેકર્ડ ઉપર આવી ના જાય તેવા બદઈરાદાથી હાલની અરજી આપેલી છે જેથી પણ પ્રતિવાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે એવી દલીલ કરેલ છે.

(૪) હવે આ કામ ઓ.૭ રૂ.૧૧(ડી) ની અરજી નકકી કરતી વખતે ફકત ને ફકત દાવાઅરજી તથા તેની સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવાના રહે છે. આ કામે વાદીની મુખ્ય રજુઆત એવી છે કે દાવાવાળી જગ્યાના પ્રતિવાદીઓ માલીક નથી અને હાલના વાદીએ સદર જગ્યાના માલીક એટલ ે કે તારાપુર ગ્રામ પંચાયતના હસ્તકના પ્લોટ નં.૨૯૧ વાળી પડતર જગયા પંચાયત હસ્તકની હોય તેના માલીક તારાપુર ગ્રામ પંચાયત હોવા છતા તેવા મહત્વના અને જરુરી પક્ષકાર હોવા છતા દાવાના કામે તારાપુર ગ્રામ પંચાયતને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી જેથી વાદીના દાવો ચાલવાપાત્ર ના હોય રદ થવાને પાત્ર છે. આ તબકકે હાલની અરજી નકકી કરતા પહેલા સી.પી.સી. ઓ.૧ રૂલ–૯ ધ્યાને લેવામાં આવે છે.

9. Misjoinder and nonjoinder. No suit shall be defeated by reason of the misjoinder or nonjoinder of parties, and the Court may in every suit deal with the matter in controversy so far as regards the rights and interests of the parties actually before it.

Provided that nothing in this rule shall apply to nonjoinder of a necessary party.

કાયદામાં પ્રસ્થાપીંત સીધ્ધાંતો ધ્યાને લેતા જયાં કોઈ વ્યકિત જે દાવાના કામે જરુરી અથવા તો યોગ્ય પક્ષકાર જણાઈ આવતુ હોય તે સંજોગોમાં વાદીનો દાવો સીધેસીધો રદ થઈ શકે નહી. જો કોઈપણ દાવાને જરુરી પક્ષકારોનો બાધ નડતો હોય તો તે સંજોગોમાં વાદી તેમની દાવાઅરજીમાં સુધારા કરી શકે છે પરંતુ સુધારા માટેની વાદીને યોગ્ય તક આપ્યા વિના દાવો રીજેકટ કરી શકાય નહી કારણ કે તેથી વાદીનો બીજો દાવો દાખલ કરવાનો હકક અબાધિત રહે છે જે કારણથી બંને પક્ષકારોને મલ્ટીપલ પ્રોસીડીંગ્સમાં ઉતરવુ પડે તેવી પુરેપુરી શકયતા રહેલી છે તેથી પણ વાદીનો દાવો પ્રાથમીક તબકકે જ રદ થઈ શકે નહી. હાલના કેસના સંજોગો ધ્યાને લેતા સદર કામે મુદ્દા કાઢ વાના બાકી હોય અને જરુરી પક્ષકાર અંગેનો નિર્ણય પુરાવા લીધા બાદ મેરીટસ ઉપર નકકી થઈ શકે તેમ હોય જેથી પ્રતિવાદીની હાલની અરજી આથી મંજુર કરવા વ્યાજબી જણાઈ આવતી ના હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ બંને પક્ષકારોએ જાતે ભોગવવો.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૧૨ મી માહે ઓકટોબર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૨/૧૦/૨૦૨૩

તારાપુર

( કુ. ચુનૌતી )
પ્રિન્સીપાલ સીવીલ જજ, તારાપુર
કોડ નં. જી.જે.૦૧૪૦૧